**જાહેરાત આપ્યા તા. : ૦૫/૧૧/૨૦૧૬** **વર્તમાનપત્ર :** સંદેશ (સુરત આવૃત્તિ)

# <u>ટેન્ડર–૧</u>

# પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

**:: લીલા તેમજ સુકાચારા પુરા પાડવા માટે મંગાવેલા ભાવપત્રકો માટે નિયમો, શરત અને સ્પેશીફીકેશન ::**

| અ. નં. | ચીજવસ્તુનુ નામ | ખરીદીનો અંદાજીત જથ્થો | ખરીદીની અંદાજીત રકમ (રૂા.) | અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ (રૂા.) | ટેન્ડર ફી (રૂા.) |
|---|---|---|---|---|---|
| **પશુઓને ખવડાવવા માટે નીચે મુજબના ઘાસચારા** | | | | | |
| ૧ | લીલી શેરડી/ચીમરી (લીલો ચારો) | ૧૫૦ ટન | ૫.૦ લાખ | ૧૫૦૦૦/– | ૧૫૦૦/– |
| ૨ | જુવાર બાટુ (સુકો ચારો) | ૪૫ ટન | ૫.૦ લાખ | ૧૫૦૦૦/– | |
| ૩ | જુવાર કડબ (સુકો ચારો) | ૫૫ ટન | ૫.૦ લાખ | ૧૫૦૦૦/– | |
| ૪ | ફુલઘાસ ગાંસડી (સુકો ચારો) | ૫૦ ટન | ૫.૦ લાખ | ૧૫૦૦૦/– | |

**નોંધ :** વેબસાઈટ પરથી ડાઉનલોડ કરેલ ટેન્ડરની સાથે ટેન્ડર ફી રૂા. ૧૫૦૦/– નો **" RESEARCH SCIENTIST, LRS "** ના નામનો ડી.ડી. સાથે જોડવો અનિવાર્ય છે.

**લીલા તેમજ સુકાચારા ખરીદવા માટે નિયમો અને શરતો :–**

૧) આપના ભાવો તા. ૩૧/૦૩/૨૦૧૭ સુધી માન્ય રહે તે રીતે સઘળા ટેક્ષ અને આ કચેરી બેઠાના ખાલી કરવા સહિતના ભરવાના રહેશે.

૨) ટેન્ડર ભરવા માટે ટેન્ડરમાં દર્શાવેલા તમામ ઘાસચારાના ભાવ ભરવા જરૂરી નથી. ટેન્ડર ફી એક કે તેથી વધુ ઘાસચારાના ભાવો માટે એક જ રહેશે જયારે ઈ.એમ.ડી. જેટલા ઘાસચારાના ભાવો તે દરેક માટે અલગ–અલગ ભરવાનો રહેશે. આપનો ભાવ આ સાથેના નિયત ટેન્ડર ફોર્મમાં **આપને ફકત લાગુ પડતા ઘાસચારા માટે** ભરી તેમાં માંગ્યા પ્રમાણે સહિ સિકકા કરી તેને બંધ કવરમાં મુકી તેની પર **" લીલા તેમજ સુકાચારાના ભાવ "** એમ લખાણ કરી **<u>તા. ૨૯/૧૧/૨૦૧૬</u>** સુધીમાં કે પહેલા નીચે મુજબના સરનામે મળે તે રીતે પોષ્ટ/કુરીયરથી મોકલી આપવાના રહેશે.

**પ્રતિ,**
**સંશોધન વૈજ્ઞાનિકશ્રી,**
**પશુ સંશોધન કેન્દ્ર,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી–૩૯૬ ૪૫૦**

૩) ટેન્ડર સાથેની ડિપોઝીટની રકમ પેટે માન્યતા પ્રાપ્ત બેંકના ડી.ડી. પે–ઓર્ડર અથવા પાંચ માસ માટેની બેંક ગેરંટી પૈકી એક ટેન્ડર સાથે જોડવાનો રહેશે. અસફળ રહેલા બીડરોને ડિપોઝીટનો ડી.ડી./પે ઓર્ડર/બેંક ગેરંટી અસલમાં પરત કરી આપવામાં આવશે.

૪) આપ જે ગ્રેડ/જથ્થા/લોટમાંથી **લીલા તેમજ સુકાચારા** પુરા પાડવા માંગતા હોય તેમાંથી ઓછામાં ઓછુ ૧૦ કિ.ગ્રા.નું સેમ્પલ ટેન્ડર ખોલવાના દિવસે આ કેન્દ્ર ખાતે ફરજીયાત આપવાનુ રહેશે. ખાસ નોંધ લેશો કે સેમ્પલ વગરના ભાવ રદ કરવામાં આવશે.

૫) ભાવપત્રક ખોલનાર સમિતિ જરૂર જણાયે ન્યુનતમ ભાવવાળી પાર્ટીને વાટાઘાટો માટે બોલાવી શકશે અથવા ટેલીફોનીક વાટાઘાટો કરશે.

૬) ન્યુનતમ ભાવવાળી પાર્ટીએ ખરીદ ઓર્ડરના ૫ % રકમ સીકયુરીટી ડિપોઝીટ તરીકે ટેન્ડર ખોલ્યાના અઠવાડીયા સુધીમા જમા કરાવવાની રહેશે. જેને આપેલ ઓર્ડર પુરો કર્યા બાદ પરત કરવામાં આવશે. જયારે ઈ.એમ.ડી. ને સીકયુરીટી ડિપોઝીટ જમા કર્યા બાદ પરત કરવામાં આવશે.

૭) ભાવ મંજુર થયા બાદ મોકલતી વખતે તેની ગુણવત્તા બાબતે નીચેના શરતોનું પાલન કરવાનુ રહેશે.

૭.૧) આપ દ્વારા મોકલવામાં આવતો માલ આપે ટેન્ડર ખોલવાના દિવસે આપેલ સેમ્પલ મુજબનો હોવો જોઈએ.

૭.૨) લીલા ઘાસચારા માટે ૬૫ % કરતા ઓછા અને ૮૦ % કરતા વધુ ભેજના ટકા નહી હોવા જોઈએ. તેમજ સુકાચારા માટે ૨૦ % કરતા વધુ ભેજના ટકા ન હોવા જોઈએ.

૭.૩) તે પલળેલ, સડેલ, ફુગરહીત, બગડેલ કે બટાયેલ કે પશુ સ્વાસ્થ્યને નુકશાનકારક એવા કોઈપણ ઝેરી ઘાસ રહિત હોવો જોઈએ.

ઉપરોકત શરત મુજબનો માલ પુરો પાડેલ ન હોય તેવા કિસ્સામાં કેન્દ્રના વડાનો નિર્ણય આખરી ગણાશે.

૮) આપે માલ ફકત કચેરી ચાલુ હોય તેવા દિવસો અને કચેરીના કામકાજ દરમ્યાન જ (જાહેર રજા, બીજો–ચોથો શનિવારના દિવસોમાં કચેરી બંધ હોય અને કચેરીના કામકાજના કલાક સવારે ૮:૦૦ થી સાંજે ૫:૦૦) મોકલવાનો રહેશે અને માલનો

વજન આપની કક્ષાએથી સરકાર માન્ય વે બ્રીજ પર કરાવી લેવાનો રહેશે. જરૂર જણાયે વજનની ખાતરી યુનિવર્સિટી ફાર્મ ખાતેના વે બ્રીજ પર અત્રેના કેન્દ્રના સ્ટોર કર્મચારી/અધિકારી દ્વારા આપના પ્રતિનિધિ/ડ્રાયવરની હાજરીમાં કરવામાં આવશે. આવા કેસમાં કાંટા ચીઠ્ઠી પરનો વજન અને યુનિવર્સિટીના વે બ્રીજ પર કરવામાં આવેલ વજન પૈકી જે વજન ઓછો હશે તે માન્ય રહેશે.

૯) જે વાહનમાં માલ સપ્લાય કરવામાં આવે છે તે વાહન આર.સી. બુકની ઝેરોક્ષ નકલ કે જેમાં વાહનનું ખાલી વજન દર્શાવેલ હોય તે આપવાની રહેશે.

૧૦) આપનો ભાવ મંજુર થયેથી માલ પૂરો પાડવાની શરૂઆત કરવાની રહેશે અને ઓર્ડર મુજબનો સઘળો માલ પુરો પાડવાનો રહેશે તેમજ માલનું ઉધારબીલ લીલાચારાના કેસમાં દર મહિને અને સુકાચારાના કેસમાં માલ સંપૂર્ણ પુરો કર્યા બાદ અત્રે રજુ કર્યા બાદ પેમેન્ટની કાર્યવાહી કરવામાં આવશે. જો આપ નિયમો અને શરતો મુજબ માલ મોકલવામાં નિષ્ફળ જશો તો આપની ઈ.એમ.ડી. જપ્ત કરવામાં આવશે.

૧૧) આપના બીલનુ ચૂકવણું કરતી વખતે પ્રવર્તમાન નિયમ મુજબ ટી.ડી.એસ. કપાતને આધિન રહેશે. ટેન્ડર સાથે પાન કાર્ડની નકલ સામેલ રાખવી.

૧૨) અત્રેની કચેરી ખાતે આપના ભાવ મળશે તે વખતે આપે સઘળી શરતો વાંચી છે અને તે તમામ આપને સ્વીકાર્ય છે તેવું માનવામાં આવશે જેથી આપે ભાવ ભરતા પહેલા આ સઘળી શરતો વાંચીને જ ભાવો ભરવાના રહેશે. આપનું ભાવપત્રક સ્વીકારવું, અથવા ભાવપત્રકના અમુક જ ભાવો સ્વીકારવા કે સંજોગોવસાત આખુ ભાવપત્રક રદ કરવાના અધિકાર રહેશે તેમજ કાનુની બાબતોમાં નવસારી કાનુની સત્તા મંડળ રહેશે.

૧૩) શરતી ભાવો માન્ય રાખવામાં આવશે નહી.

ઉપરોકત શરતો મને કબુલ મંજુર છે.

**પાર્ટીની સહી–સિકકા**

**મોબાઈલ નંબર**

# <u>ટેન્ડર—૧</u>

# પશુ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

## :: લીલા તેમજ સુકાચારા પુરા પાડવા માટેના કોરા ટેન્ડર ફોર્મ ::

**ટેન્ડર ક્રમ : .....................**

**ટેન્ડર ફી ડી.ડી. નં. તારીખ અને વિગત :**

**અર્નેસ્ટ મની ડિપોઝીટની વિગત :**

**બેંકનું નામ :** **ડી.ડી. ની વિગત :**

| અ. નં. | ચીજવસ્તુનુ નામ અને સ્પેશીફીકેશન | ખરીદીનો અંદાજીત જથ્થો | ભરેલા ભાવ પ્રતિ ટન (રૂા.) | |
|---|---|---|---|---|
| | | | આંકડામાં | શબ્દોમાં |
| ૧ | લીલી શેરડી/ચીમરી (લીલો ચારો) | ૧૫૦ ટન | | |
| ૨ | જુવાર બાટુ (સુકો ચારો) | ૪૫ ટન | | |
| ૩ | જુવાર કડબ (સુકો ચારો) | ૫૫ ટન | | |
| ૪ | ફુલઘાસ ગાંસડી (સુકો ચારો) | ૫૦ ટન | | |

સાથે સામેલ શરતો મુજબ અને આપે રજુ કરેલા સેમ્પલ મુજબની ગુણવત્તાવાળો માલ અત્રેના કેન્દ્ર ખાતે FOR અને સઘળા ટેક્ષ સાથે

સદર ટેન્ડર આ સાથે સામેલ શરતો મને કબૂલ મંજુર છે.

તા. :  /  /૨૦૧૬

**પાર્ટીના સહી/સિકકા :**

**માલીકનુ નામ અને સરનામુ :**

**કોન્ટેકટ નંબર :**

**PIN/TIN/CST/GST નંબરોની વિગત :**

PAN CARD NO. : **(નકલ સામેલ રાખવી)**